CITY pulse
ગુજરાતમિત્ર
શુક્રવાર ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬
મજ્જેની LIFE

email: citypulse@gujaratmitra.in



# બાપ્પાની વિદાય પણ ખાસ :અનોખી પ્રતિમાઓનું અનોખું વિસર્જન

11 દિવસ ભક્તિભાવપૂર્વક દુંદાળા દેવની પૂજા અર્ચના સુરતીઓએ કરી અને હવે આજે હજારોની સંખ્યામાં ગણેશજીની પ્રતિમાઓનું વિસર્જન થશે. SMC દ્વારા વિસર્જનની તૈયારીઓમાં ફાયર બ્રિગેડની ટિમો 25 ઓવારા પર અને હજીરા દરિયા કિનારે વિસર્જન માટે તૈનાત રહેશે. થોડા વર્ષો પહેલા પંડાળ પાસે જ પાણીનો હોજ બનાવી વિસર્જન કરાતું, જોકે, તેનો ક્રેઝ ઓછો થયો છે. હવે એવી પ્રતિમાઓ કેટલાંક મંડળો દ્વારા લાવવામાં આવે છે જેનું વિસર્જન બધા કરતા નોખું હોય. અત્યારે પણ ભાગળ પર એક મંડળ દ્વારા તો કાયમી હોજ બનાવી દેવાયો છે જ્યાં વિસર્જન પ્રક્રિયા કરવામાં આવે છે. હવે ટીશ્યું પેપર, ખાદ્ય સામગ્રી, ફાયરના બચાવ કામગીરીમાં ઉપયોગમાં લેવાતાં ઈકવિપમેન્ટ્સમાંથી બનાવાતી જેવી કેટલીક પ્રતિમાઓનું અનોખું વિસર્જન કરાય છે. કેટલાંક મંડળો મૂર્તિઓનું વિસર્જન નહીં કરીને અન્ય મંડળોને ફ્રી ઓફ કોસ્ટ આપતા હોય છે. આ વખતે પણ શહેરમાં અનોખી પ્રતિમાઓનું કઈ કઈ રીતે વિસર્જન થવાનું છે તે આપણે આ આર્ટિકલના માધ્યમથી જાણીએ...



## વિસર્જિત પ્રતિમાની માટીમાં તુલસીના પ્લાન્ટ તૈયાર કરાય છે

ડિંડોલીમાં પર્યાવરણને અનુકૂળ ગણેશજીની પ્રતિમાનું વિસર્જન કરવામાં આવે છે. શ્રી વિઘ્નહર્તા ગ્રુપ દ્વારા ગણેશ પંડાળ પાસે જ JCB મશીનથી ખાડો ખોદીને તેમાં ચોખ્ખું પાણી ભરી ગણેશજીની માટીની 7 ફૂટની મૂર્તિનું શાસ્ત્રોક્ત વિધિથી વિસર્જન કરવામાં આવશે. માટીની મૂર્તિ હોવાથી તે એકાદ દિવસમાં પાણીમાં વિસર્જિત થઈ જાય પછી તે માટીમાં તુલસીના બિયા રોપીને તુલસીના પ્લાન્ટ ઉગાડી વિવિધ સંસ્થાઓને આપવામાં આવશે. ગયા વર્ષે પણ આ રીતે પર્યાવરણને અનુકૂળ વિસર્જન કરીને પછી તે માટીમાં તુલસીના બિયા રોપીને 150 પ્લાન્ટ તૈયાર કરી નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યા હતાં. આ મંડળ દ્વારા ડીંડોલીની નાની નાની સોસાયટીઓને તેમના બાપ્પાની મૂર્તિનું અહીં વિસર્જન કરવા માટે આમંત્રણ આપવામાં આવે છે. આ મંડળ દ્વારા 2018થી ગણેશ પ્રતિમાનું અનોખું વિસર્જન કરવામાં આવે છે.






## 5 પવિત્ર નદીઓના પાણીથી ગણેશજીની પ્રતિમાનું વિસર્જન કર્યું

સિંગણપોર વિસ્તારમાં સ્થિત ન્યુ ત્રિવેણી સોસાયટીમાં પહેલીવાર જ આ વખતે ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી. સોસાયટીના પાંચમા-છઠ્ઠા ધોરણમાં ભણતા બાળકોએ ભેગા મળીને સોસાયટીમાં પ્રથમવાર જ ગણેશ ઉત્સવની શરૂઆત કરી અને પ્રથમ વારમાં જ અનોખી રીતે ગણેશજીની પ્રતિમાનું વિસર્જન રવિવારે કરવામાં આવ્યું. ગંગા, યમુના, સરસ્વતી, તાપી અને નર્મદા નદીના જળથી 3 ફૂટની માટીનું વિસર્જન પાણીના એક મોટા ટાંકામાં કરવામાં આવ્યું. સોસાયટીના સુરેશભાઈ ભોજ પ્રયાગરાજમાં મહાકુંભ મેળામાં ગયા હતા પ્રયાગરાજ સંગમ સ્થળેથી ગંગા, યમુના અને સરસ્વતી નદીનું પાણી એક નાના ડ્રમમાં ભરી લાવ્યા હતા. જ્યારે ભરૂચથી નર્મદાનું પાણી લાવવમાં આવ્યું હતું અને સુરતમાં તાપી નદીનું પાણી મેળવ્યું હતું. બાળકો દ્વારા સાત દિવસ માટે ગણેશજીને વિરાજમાન રાખવા કહેવાતા રવિવારે સાત દિવસે પ્રતિમાનું વિસર્જન સોસાયટીના પ્રાંગણમાં કરવામાં આવ્યું હતું. ગણેશજીની પ્રતિમાનું સંપૂર્ણ વિસર્જન થયા બાદ માટી ફુલછોડના કુંડામાં વાપરવા માટે સોસાયટીના લોકોમાં વહેંચણી કરાઈ હતી. અનોખા વિસર્જનની આ સોસાયટીના આસપાસની સોસાયટીના લોકોને જાણ થતા તેઓ પણ ચારધામનું પાણી ગણેશજીની મૂર્તિના વિસર્જન માટે લઈ આવ્યા હતા.

## ફાયર બ્રિગેડના સાધનોથી બનેલા ગણેશજીનું વિસર્જન કઈ રીતે થાય છે?

કતારગામ ફાયર સ્ટેશનમાં બનાવવામાં આવેલા ગણેશજીની પ્રતિમા સુરતમાં અલગ અલગ જગ્યાઓ પર બેસાડવામાં આવેલા ગણેશજી કરતા અલગ તરી આવે છે. ફાયર બ્રિગેડ જે સાધનોથી બચાવ કામગીરી કરે છે તેવા ઈક્વિપમેન્ટથી ગણેશજીની એકદમ ડિફરન્ટ ટાઈપની પ્રતિમા બનાવાઈ છે. ગણેશજીનું મુકટ પાયલોટિંગ લાઈટનું બનાવવામાં આવ્યું છે. બંને કાન ફાવડાના બનાવાયા છે. ગણપતિની સૂંઢ સકશન હોજ પાઈપથી બનાવાઈ છે. તેમની ભુજાઓ ફાયરના અલગ અલગ બ્રાન્ચ જેમકે રિવોલ્વીંગ બ્રાન્ચ, સિલીંગ હૂક, ટ્રીપલ પર્પઝ બ્રાન્ચ, ફાયરમેન એક્સથી બનાવાયું છે. ગણપતિ બાપ્પાનું પેટ ડિલિવરી હોજ પાઈપ અને રિંગ બોયાથી બનાવાયા છે. ગણેશજીના પગ ફોમ મેકિંગ બ્રાન્ચના છે. આ મૂર્તિની સ્થાપના પંડાળમાં કરાઈ છે. આ મૂર્તિની પૂજા પણ થાય છે.10 દિવસના ઉત્સવ બાદ વિસર્જનના દિવસે આ 150 કિલોના ગણપતિના સાધનો છુટા પાડી ફાયર બ્રિગેડના સ્ટોર રૂમમાં સાચવીને રાખવામાં આવશે.



## માછલીઓના આહારના ઉમદા ઉદ્દેશ્યથી રવાની મૂર્તિનું દરિયામાં વિસર્જન

મંછરપુરા કોલસાવાડમાં છેલ્લાં ત્રણ વર્ષથી ગણેશજીની એકદમ ડિફરન્ટ ટાઈપની પ્રતિમા બનાવવામાં આવે છે અને વિસર્જન પણ અનોખી રીતે કરાય છે. આ વખતે 431 કિલોના રવા અને ઘીથી ગણેશજીની આકર્ષક પ્રતિમા બનાવવામાં આવી છે. ઘી અને રવો માછલીઓનો આહાર બની શકે તે માટે મગદલ્લા ખાતે દરિયામાં વિસર્જન કરવામાં આવશે. 2024માં 75 કિલો ઘીની પ્રતિમાનું વિસર્જન દિવસે મોટા તપેલામાં સૂર્યના તડકામાં રાખી સૂર્યનારાયણને અર્પણ કરી કરાઈ હતી. ઘી મેલ્ટ થતા તે ઘીને શહેરના અલગ અલગ મંદિરોમાં દિવા કરવા વિતરિત કરાયું હતું. ગયા વર્ષે 2025માં કોલ્હાપુરી ગોળના ગણપતિની મૂર્તિ કોલ્હાપુરમાં બનાવી સુરત લાવવમાં આવી હતી. તેનું વિસર્જન દરિયામાં કરાયું હતું. આ વખતે પણ રવા અને ઘીના ગણપતિ બનાવાયા છે. રવાના ગણપતિ છે તે બતાવવા મૂર્તિની ઉપર પણ રવો લગાવવામાં આવ્યો છે. રવા અને ઘીને હવે છૂટું ના પાડી શકાય તે માટે માછલીઓને રવો અને ઘીનો આહાર દરિયામાં પ્રતિમાનું વિસર્જન કરી આપવામાં આવશે.




## પંચામૃત અને પાણીના ફુવારા લગાવી ટીશ્યું પેપરના ગણેશજીનું અનોખું વિસર્જન

ગુજરાતમાં સૌપ્રથમ વાર પંચામૃત અભિષેકથી ગણેશજીની પ્રતિમાનું અનોખું અને પર્યાવરણને અનુકૂળ વિસર્જન થશે. સરકાર ગણેશ ઉત્સવ મંડળ દ્વારા 551 કિલો ટીશ્યું પેપરમાંથી ગણેશજીની 17 ફૂટની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી હતી. તે પ્રતિમાની વિસર્જન પ્રક્રિયા ખુલ્લી જગ્યામાં ભક્તો જોઈ શકે એ રીતે શાસ્ત્રોક વિધિ અને દૂધ, દહીં, મધ, સાકર, ઘીના પંચામૃતનો અભિષેક કરાશે તથા ફુવારો લગાવી પાણી અને દુધથી વિસર્જન કરાશે. એક તરફ ભજન કલબિંગ અને ગંગા આરતી પણ થશે. જ્યારે મૂર્તિ સંપૂર્ણ રીતે ઓગળી જશે પછી ટીશયુંનું યોગ્ય રીતે નિરાકરણ કરવામાં આવશે.

## રાંદેરના ફ્લોટિંગ ગણપતિજી પર જળાભિષેક કરી અન્ય મંડળને પ્રતિમા અપાશે



રાંદેરમાં તાપી નદીની વચ્ચે ગણેશજીની સ્થાપના કરવામાં આવે છે. શ્રી ગણેશ મંડળ પાંચ પીપળા દ્વારા ગણેશજીની અનોખી ભક્તિ કરવાની સાથે અનોખી રીતે વિસર્જન પણ થાય છે. 2006ની સાલમાં સુરતમાં રેલ આવી ત્યારથી તાપી નદીમાં ગણેશજીની પ્રતિમાની સ્થાપના સુરતીઓના પૂરથી રક્ષણ માટે કરવામાં આવે છે. ગણેશજીની જે પ્રતિમા સ્થાપવામાં આવે છે તે ઉત્સવના 10 દિવસ પાણીમાં તરતી રહે છે. વિસર્જનના દિવસે પ્રતિમાને પાણીમાંથી બહાર લાવી તેની પર નદીના પાણીથી જળાભિષેક કરવામાં આવે છે અને બાદમાં આ મૂર્તિ જે ગણેશ મંડળને જોઈતી હોય તેમને ની:શુલ્ક આપવામાં આવે છે. દસ દિવસ પાણીમાં જઈને મંડળના સભ્યો સવાર સાંજ ગણેશજીની આરતી કરે છે. વાસુદેવના માથા પરની ટોપલીમાં કૃષ્ણના સ્વરૂપમાં ફ્લોટિંગ ગણપતિના દર્શન કરવા માંગતા ગણેશજીના ભક્તોને નાવડીમાં બેસાડી પ્રતિમા પાસે લઈ જવામાં આવે છે.

## બાપ્પા બન્યા લોકોપયોગી: વિસર્જનની અનોખી કહાની

ગણેશ ઉત્સવ હોય અને સુરતીઓ ડૉ.અદિતિ મિત્તલને યાદ ના કરે તેવું બને જ નહીં. તેઓ ડેન્ટિસ્ટમાંથી ઉમદા આર્ટિસ્ટ બન્યા છે. 10 વર્ષથી ઉપયોગી વસ્તુઓમાંથી ગણેશજીની મનમોહક મૂર્તિઓ બનાવી તેનું અનોખી રીતે વિસર્જન કરવા માટે જાણીતા છે. ઉત્સવ પછી પણ શ્રીજીની મૂર્તિ ઉપયોગી બને રહે તે તેમનો ઉદ્દેશ્ય રહ્યો છે. તેમના શબ્દોમાં કહીએ તો વિસર્જન માત્ર મૂર્તિના ભૌતિક સ્વરૂપનો અંત નથી, પરંતુ એક રૂપાંતર છે-એક સેકન્ડ લાઈફની શરૂઆત છે. ચાલો આર્ટિસ્ટ ડૉ.અદિતિ મિત્તલે 10 વર્ષમાં બનાવેલા વિવિધ ઈકો-ફ્રેન્ડલી ગણેશજી અને તેના ઉપયોગી બનતા વિસર્જન વિશે જાણીએ....



### માટીના કોડિયા (દિવા)ના ગણેશજી (સુરત)

5100 માટીના દિવડામાથી 2024માં 5.5 ફૂટની ગણેશજીની મૂર્તિ બનાવવામાં આવી હતી. બાદમાં દિવા જરૂરિયાતમંદ લોકોમાં વિતરણ કરાયા હતાં.

### કોફીબીન્સના ગણપતિ (સુરત)

કોફી બિન્સમાંથી 3 ફૂટના ગણપતિ 2017માં બનાવાયા હતાં. વિસર્જન સમયે તેને દૂધમાં મિક્સ કરીને ગરીબ બાળકોમાં તેનું વિતરણ કરવામાં આવ્યું હતું.



### નારિયેળના પાનના ગણપતિ (સુરત)



200 નારિયેળના લીલા પાનમાંથી 2018માં બનાવવામાં આવેલી 4 ફૂટની ગણેશજીની મુર્તિમાથી ખાતર બનાવી જમીનમાં ભેળવી દેવામાં આવ્યું હતું.

### 108 તરબૂચથી ગણપતિ બનાવાયા (સુરત)

108 તરબૂચ પર કોતરણી કરીને ગણેશજીની અનોખી મૂર્તિ 2019માં બનાવવામાં આવી હતી. વિસર્જન સમયે આ તરબૂચને પ્રસાદ તરીકે વહેંચવામાં આવ્યું હતું.



### ડ્રાયફ્રૂટ્સના ગણપતિ (સુરત)



2020માં કોરોના સમયે 3 ફૂટની મૂર્તિ ડ્રાયફ્રૂટ્સમાંથી બનાવવામાં આવી હતી. બાદમાં આ ડ્રાયફ્રૂટ્સ હોસ્પિટલમાં સારવાર હેઠળના દર્દીઓમાં વિતરણ કરાયા હતાં.

### 201 સૂકા નારિયેળના ગણેશજી (સુરત)

કોતરણી કરાયેલા 201 સૂકા નારિયેળની 3 ફૂટની મૂર્તિ 2021માં બનાવવામાં આવી હતી. બાદમાં આ નારિયેળ પ્રસાદ તરીકે જેલના કેદીઓમાં વહેંચવામાં આવ્યા હતાં.



### દેશી મકાઈના ગણેશજી (સુરત)



250 મકાઈ ડોડામાથી 5 ફૂટની મૂર્તિ 2022માં બનાવવામાં આવી હતી. બાદમાં મકાઈ પ્રસાદરૂપે અંધજન સ્કૂલના બાળકો અને સ્ટાફને વહેંચવામાં આવી હતી.

### 2655 કિલો સાબુના ગણપતિ (સુરત)

2655 કિ.ગ્રા. સાબુનો ઉપયોગ કરીને 2023માં અનોખી મૂર્તિ બનાવવામાં આવી હતી. વિસર્જન સમયે સાબુને નાના ટુકડાઓમાં કાપીને સ્લમ એરિયામાં વહેંચવામાં આવ્યા હતાં.



### 1100 નોટબુક્સના ગણેશજી (મુંબઈ)



વિગત: 1100 નોટબુક્સમાથી આ વર્ષે ગણેશજીની અનોખી મૂર્તિ બનાવવામાં આવી છે. તે વિસર્જન સમયે ગરીબ વર્ગના બાળકોમાં વિતરણ કરવામાં આવશે.

### 5 કિલો બટાકાના ગણેશજી (મુંબઈ)

5 કિલોગ્રામ બટાકાની અનોખી મૂર્તિ 2025માં બનાવવામાં આવી હતી. વિસર્જન વેળા આ બટાકા જરૂરિયામંદોમાં વહેંચવામાં આવ્યાં હતા.

